નોંધણી નંબર :........................

# શ્રી........................................ કો–ઓપ.
# હાઉસીંગ સોસાયટી લી.

સરનામું : ..........................................................................

..........................................................................

# ચૂંટણીના નિયમો



–:: પ્રાપ્તિ સ્થાન ::–

## રાજકોટ જિલ્લા સહકારી સંઘ

"સહકારી ત્રિવેણી",
૩૦, કરણપરા, એસ. ટી. બસ સ્ટેન્ડ પાછળ,
રાજકોટ–૩૬૦ ૦૦૧.
ફોન : ૨૨૨૩૭૮૪ / ૨૨૩૪૩૮૬

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૨૩૬૨૧૩૮/૨૩૬૨૩૯૫

## પરિશિષ્ટ ''અ''

**શ્રી..........................કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ.,.................**

## ચુંટણીના નિયમો

(૧) આ નિયમો શ્રી.............................કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ.,...............ની વ્યવસ્થાપક કમીટીની ચુંટણીના નિયમો કહેવાશે મંડળી નોંધાયા પછીની પ્રથમ સાધારણ સભામાં વ્યવસ્થાપક કમિટિની ચૂંટણી સભામાં હાજર જ રહેલા સભાસદો કરશે. ત્યારબાદ નિયત કાર્યવાહી મુજબ કરવામાં આવશે.

**(૨) આ નિયમોમાં બીજી સ્પષ્ટ રીતે જણાવ્યું નહિ હોય તો :–**

૧. ''કાયદો'' એટલે સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો અને તે અન્વયેના અમલમાં હોય તે કાનુનો સમજવા.

૨. ''પેટા નિયમો'' એટલેશ્રી ....................કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ.,............ ના સુધારા વધારા સાથેના અમલમાં હોય તે પેટા નિયમો સમજવા.

૩. ''ચુંટણી અધિકારી'' એટલે મંડળીની વ્યવસ્થાપક કમીટીએ જેમની આ માટે નિમણુંક કરી હોય તે અધિકારી.

૪. ''મદદનીશ ચુંટણી અધિકારી'' ચુંટણીના કામમાં પોતાને મદદ કરવા માટે ચુંટણી અધિકારીએ નિમેલ મંડળીના સ્ટાફના અગર તો સભાસદ સિવાયના બીજા શખ્સો.

૫. ''મતદાર'' એટલે ૩૧ મી માર્ચ સુધીના મંડળીના ચાલુ સભાસદો કે જેઓ મંડળીના પેટા નિયમ અનુસાર સભાસદ તરીકે તેના હકકો ભોગવવા લાયકાત ધરાવતા હશે. (આમાં સાથી શુભેચ્છક અથવા નોમીનલ સભ્યોના સમાવેશ થતો નથી.)

**(૩) મતદાર યાદી પ્રસિધ્ધ કરવી :–**

૧. દર પાંચ વર્ષે ૩૧ મી માર્ચનાં રોજ મંડળીના સભાસદ રજિસ્ટર ઉપરથી લાયકાત ધરાવનાર સભાસદોની એક અલગ યાદી મંડળીના મંત્રી તૈયાર કરશે અને તે વ્યવસ્થાપક કમિટિએ નકકી કરેલા ચૂંટણીના સમય પત્રકની તારીખ મુજબ મંડળીની ઓફિસે નોટીસ બોર્ડ ઉપર મંત્રીની સહી સાથે પ્રસિદ્ધ કરશે.

૨. આ મતદાર યાદીમાં જો કોઈ સભ્યને કંઈ વાંધો હોય તો તે અંગેના કારણો સાથે પોતાનો વાંધો વ્યવસ્થાપક કમીટીએ નકકી કરેલા ચુંટણીના સમય પત્રકની તારીખ તથા સમય મર્યાદા મુજબ મંડળીના મંત્રીને લેખીત જણાવશે.

૩. આવેલા વાંધાઓ ઉપરથી યોગ્ય નિર્ણય લઈ મતદારોની છેવટની યાદી ચુંટણી અધિકારી વ્યવસ્થાપક કમીટીએ નકકી કરેલા ચુંટણીના સમય પત્રકની તારીખ મુજબ પોતાની સહી સાથેની મંડળીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરશે.

૪. છેવટની મતદાર યાદીમાં જે શખ્સનાં નામ હશે તેઓ જ મતદાર ગણાશે, અને તેઓને જ મંડળીની ચૂંટણીના કામકાજમાં ભાગ લેવાનો અધિકાર રહેશે.

૫. મંડળીની સભાસદ સિવાયની એટલે કે નામી સભાસદને ચૂંટણીમાં ઉભા રહેવાનો તથા મત આપવાનો તથા દરખાસ્ત કે ટેકો આપવાનો અધિકાર રહેશે નહિ.

૬. મંડળીના પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક કમિટિના સભ્ય તરીકે ચુંટાવાની કે ચાલુ રહેવાની લાયકાત ધરાવનાર સભ્યો જે ચૂંટણી માટેની ઉમેદવારી કરી શકશે. તેમજ કોઈની દરખાસ્ત કે ટેકો આપી શકશે.

૭. **મંડળીના પેટા નિયમોમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે ઉપરાંત જે સભાસદ પાસે :–**

(અ) મંડળીનું કોઈ પ્રકારનું લ્હેણું લવાદી રાહે વસુલ લેવામાં આવેલું હશે,

(બ) જો તે મંડળીમાં કોઈપણ લેણાં માટે મુદત વીતી બાકીદાર હશે,

(ક) જો તે મંડળીનો પગારદાર નોકર હશે,

(ડ) સભ્ય પોતે પ્લોટ ધારણ કરતા ન હોય અથવા મકાન ધરાવતા ન હોય,

તો તે મંડળીની ચુંટણીમાં ઉભો રહી શકશે નહીં, તેમજ મત આપી શકશે નહીં, કે ઉમેદવાર માટે તે દરખાસ્ત કે ટેકો કરી શકશે નહીં.

**(૪) ખાલી પડેલ જગ્યાઓ જાહેર કરવી :–**

(૧) દર પાંચ વર્ષે વ્યવસ્થાપક કમિટિના તમામ સભ્યોની જગ્યાઓ ખાલી પડશે. ફારેગ થતા સભ્યો ફરી ચુંટાવાને લાયક ગણાશે.

(૨) દર પાંચ વર્ષે સાધારણ સભાએ નકકી કરેલ વ્યવસ્થાપક કમિટિના સભ્યોની સંખ્યા વ્યવસ્થાપક કમિટિએ નકકી કરેલ ચૂંટણીના સમય પત્રકની તારીખ મુજબ ચૂંટણી અધિકારી નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરશે.

(૩) વચ્ચે ખાલી પડતી જગ્યાઓની મુદત મુળ મુદતના અર્ધા સમય કરતા વધુ હોય તો નિયમ મુજબ ચૂંટણીથી ભરાશે. અર્ધાથી ઓછો સમય બાકી હોય તો કમીટી કો–ઓપ્શનથી ભરી શકશે.

**(૫) ઉમેદવારી પત્ર ભરવા બાબત :–**

(૧) દર પાંચ વર્ષે વ્યવસ્થાપક કમિટિએ નકકી કરેલા ચૂંટણીના સમય પત્રકની તારીખ મુજબ ખાલી પડેલ જગ્યાઓ માટેનાં ઉમેદવારી પત્રો ફોર્મ 'એ' ચૂંટણી અધિકારી અગર મંત્રી મંડળીની ઓફિસે ચાલુ કામકાજના દિવસે ચૂંટણી સમય પત્રક મુજબના સમય દરમ્યાન સ્વીકારશે અને તે બદલની પાવતી આપશે.

(૨) કોઈપણ લાયક મતદાર વ્યવસ્થાપક કમિટિની ખાલી જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.

(૩) કોઈપણ લાયક મતદાર વ્યવસ્થાપક કમિટિની મુકરર કરેલ જગ્યાની મર્યાદામાં દરખાસ્ત કરી શકશે. અને ફકત તેટલી બેઠક માટે ટેકો આપી શકશે.

(૪) ઉમેદવારી પત્રો મંડળીની ઓફિસેથી વિના મૂલ્યે મંડળીના કામકાજના સમય દરમ્યાન સહી લઈને આપવામાં આવશે.

(૫) ઉમેદવારી પત્ર પુરેપુરૂં અને સ્વચ્છ રીતે ભરાયેલું હોવું જરૂરી છે.

(૬) ચૂંટણી અધિકારી વ્યવસ્થાપક કમિટિએ નકકી કરેલાં ચૂંટણીના સમયપત્રક મુજબ ઉમેદવારોની હાજરીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી કરશે અને આ અંગે આવેલા વાંધાઓ ઉપર વિચારણા કરી અગર પોતાની જાતે ઉમેદવારી પત્ર મંજુર યા નામંજુર કરશે અને ઉમેદવારી પત્રો ઉપર નામંજુર કરવાના માટેનાં કારણોની નોંધ કરશે સહકારી કાયદો કાનુન તથા પેટા નિયમો અને ચૂંટણીના નિયમોમાં જણાવેલ કારણોસર જ ઉમેદવારી પત્રો નામંજુર કરી શકશે.

(૭) મંજુર કરવામાં આવેલા ઉમેદવારી પત્રો પરથી ચૂંટણીના ઉમેદવારોની યાદી નિયત ચૂંટણી કાર્યક્રમ મુજબ મંડળીના નોટીસ બોર્ડ ઉપર પોતાની સહી સાથે ચૂંટણી અધિકારી પ્રસિદ્ધ કરશે.

(૮) જો કોઈ ઉમેદવારને પોતાનું ઉમેદવારી પત્ર પાછું ખેંચી લેવું હશે તો તે અંગે વ્યવસ્થાપક કમિટિએ નકકી કરેલા ચૂંટણીના સમય પત્રકની તારીખે અગર તે પહેલાં ચૂંટણી અધિકારીની રૂબરૂમાં લેખિત ખબર આપી પાછું ખેચી શકશે.

(૯) આ રીતે કોઈ ઉમેદવારી પત્રો પાછા ખેચી લેવામાં આવે તો તે સિવાયના બાકી રહેલ છેવટના ઉમેદવારોની યાદી સમય પત્રક મુજબ મંડળીના નોટીસ બોર્ડ ઉપર ચૂંટણી અકિરીની સહી સાથે પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૧૦) વ્યવસ્થાપક કમીટીની જાહેર કરેલી ખાલી પડેલી જગાઓ જેટલા જ ઉમેદવારો હશે. તો આ ઉમેદવારોને બીનહરિફ ચુંટાયેલા ચુંટણી અધિકારી જાહેર કરશે. અને આ અંગે મંડળીના વાર્ષિક સભામાં જાહેરાત કરવામાં આવશે. તેમજ મંડળીના નોટીસ બોર્ડ ઉપર જાહેરાત કરવામાં આવશે.

(૧૧) જો ચુંટણી માટે જાહેર કરેલી જગ્યાઓ કરતાં વધુ ઉમેદવારો હશે. તો ચુંટણી કરવામાં આવશે. ચુંટણીના દરેક ઉમેદવારને ચુંટણી અધિકારી નિશાન આપશે. પરંતુ જાહેર કરેલ બેઠકો સિવાયના ઉમેદવારો મતદાનના આગલાં દિવસ સુધીમાં ખસી જશે તો ચૂંટણી કરવામાં આવશે નહિ. જો બીનહરીફ ચુંટણી થવાની હોય તો જ ખસી શકાશે.

(૧૨) વ્યવસ્થાપક કમિટિની સભ્ય સંખ્યા કરતાં ઓછા ઉમેદવારી પત્રો આવ્યા હશે, તો ખાલી રહેતી જગ્યાઓ વાર્ષિક સાધારણસભા પછીની પ્રથમ વ્યવસ્થાપક કમીટીની સભામાં સભાસદોમાંથી કોઈ સભાસદની નિયુકિતથી પુરવામાં આવશે. જેની મુદત ચાલુ કમિટિની મુદત જેટલી રહેશે.

**(૬) મતદાન :–**

(૧) જો ચુંટણી કરવાની થાય તો ચુંટણીના નકકી કરેલા સમય પત્રક મુજબ વ્યવસ્થાપક કમીટીએ નકકી કરેલા સ્થળે મતદાન કરવામાં આવશે.

(૨) મતદાન ઠરાવેલા નમુનાના મતપત્રક નમુના ''બ'' માં કરવામાં આવશે. મતપત્રકમાં ઉમેદવારનું નામ કકકાવારી પ્રમાણે ગોઠવવામાં આવશે.

(૩) દરેક મતદારને વ્યવસ્થાપક કમીટીની જેટલી જગ્યાઓ ખાલી પડી છે. એટલા મત આપવાનો અધિકાર રહેશે, પરંતુ તે નિયત સંખ્યા કરતાં વધુ મત આપી શકશે નહીં.

(૪) મતદાન દરેક ઉમેદવારના નામ અને નિશાન સામેના ખાનામાં ચોકડી કરી આપવામાં આવશે.

(૫) મતદાન ગુપ્ત પધ્ધતિથી કરવામાં આવશે તે માટે ચૂંટણી અધિકારી યોગ્ય વ્યવસ્થા કરશે.

(૬) મતપેટી મતદાન શરૂ કરવાના અડધા કલાક અગાઉ હાજર રહેલા ઉમેદવારોની હાજરીમાં સીલ કરવામાં આવશે અને તે ચૂંટણી અધિકારી પોતાના કબજામાં રાખશે.

(૭) ગુપ્ત રીતે મતદાન મથકમાં ચોકડી × કરી આવું મતપત્ર ચૂંટણી અધિકારીની રૂબરૂ મતપેટીમાં નાખવાનો રહેશે.

(૮) મતદાન સમય દરમ્યાન કોઈપણ શખ્સ મતદાન મથકથી ૩૦ મીટર ની અંદર ઉમેદવારો માટે પ્રચાર કરી શકશે નહિ.

(૯) મતદાન માટે આવેલ કોઈ મતદાર શારીરિક ખામીને લઈને મત આપી શકે તેમ ન હોય તો ચૂંટણી અધિકારી તેને યોગ્ય મદદ કરશે.

**(૭) મત ગણતરી :–**

૧. મતદાન પુરૂં થયા બાદ ચૂંટણી સમયપત્રક મુજબ હાજર રહેલા ઉમેદવારોની રૂબરૂમાં મત ગણતરી કરવામાં આવશે અને મત ગણતરીનું કામ પુરૂં થયા બાદ તુરત જ તેનું પરિણામ નોંધી લેવામાં આવશે, જેઓને વધુ મત મળતા હશે તેઓ ચૂંટાયેલા ગણાશે.

૨. પરિણામ ચૂંટણી અધિકારીની સહી સાથેનું મંડળીના વાર્ષિક અહેવાલમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને / અથવા વાર્ષિક સાધારણ સભામાં આ પરિણામની જાહેરાત કરી નોંધ લેવામાં આવશે મતદાન જો સાધારણ સભાની તારીખે જ રાખવામાં આવ્યું હશે તો મંડળીના વાર્ષિક અહેવાલમાં તે પ્રસિધ્ધ કરવાનું રહેશે નહિ.

૩. મત ગણતરી વખતે નીચેના મતપત્રો ચૂંટણી અધિકારી રદ ગણી શકશે.

(અ) મતપત્રકની ગુપ્તા જાળવી નહિ હોય તો.

(બ) ચોકડી કયા ઉમેદવારના ખાનામાં કરી છે તે સ્પષ્ટ કહી શકાય તેમ ન હોય તો.

(ક) જેટલા ઉમેદવારો ચૂંટાવાના હોય તેથી વધુ ઉમેદવારોને મત આપ્યા હોય તો.

(ડ) મતપત્ર સાથે બીજા કોઈ ચેડા કર્યા હોય તો.

પરંતુ આ માટે જે તે મતપત્ર ઉપર તે માટેના કારણોની નોંધ કરી તેની ઉપર ચૂંટણી અધિકારી પોતાની ટુંકી સહી કરશે.

૪. જો કોઈ ઉમેદવારોને સરખા મત મળ્યા હશે તો ચૂંટણી અધિકારી બંને ઉમેદવારોની હાજરીમાં બંનેના નામોની ચીઠ્ઠીઓ પૈકી ગમે તે એક ચીઠ્ઠી ઉપાડી તેને ચૂંટાયેલા જાહેર કરશે.

૫. જો કોઈ ઉમેદવારોને ફરી મત ગણતરી કરાવવી હશે તો તે અંગે મત ગણતરીનું કામ પુરૂં થયા બાદ તરત જ ચૂંટણી અધિકારીને લેખિત ખબર આપશે.

૬. આવી લેખિત અરજી આવે કે તુરત જ ચૂંટણી અધિકારીએ ફરી મત ગણતરી અગાઉની માફક કરી પરિણામ જાહેર કરવું જરૂરી નથી. યોગ્ય લાગે તો જ ફરી મતગણતરીનો આદેશ આપી શકશે.

**(૮) પરચુરણ :–**

૧. મત ગણતરી પુરી થયા બાદ અને પરિણામ જાહેર કર્યા બાદ ચૂંટણીનું તમામ સાહિત્ય મતપેટીમાં મુકી ચૂંટણી અધિકારીએ શીલ કરવું અને મંત્રીની દેખરેખ નીચે રક્ષિત જગ્યાએ તે મુકી દેવી.

૨. ચૂંટણીનો કોઈપણ કાર્યવાહીમાં વાંધો હોય તો કોઈપણ મતદાર સહકારી કાયદાની કલમ ૯૬ અન્વયે લવાદી રાહે દાદ માગી શકે છે.

૩. કોઈ મતદાર લવાદમાં ગયો હશે તો તેનો નિવડો આવ્યા પછી બે માસનો સમય વિત્યા બાદ અને જો કોઈ મતદાર જો લવાદમાં ન ગયો તો ચૂંટણીનું પરિણામ જાહેર કર્યા પછી બે માસના સમય બાદ મંત્રી ચૂંટણીનું સાહિત્ય મંડળીના અધ્યક્ષશ્રીની રૂબરૂમાં નાશ કરશે.

૪. ચૂંટણીનું સમયપત્રક, તારીખ, સમય અને સ્થળ વ્યવસ્થાપક કમિટિ નકકી કરશે કોઈ ખાસ કિસ્સામાં યોગ્ય જણાય તો મતદાનની તારીખ સિવાયની તારીખો વ્યવસ્થાપક કમિટિ ફેરવી શકશે, પરંતુ આવા ફેરફાર અંગેની તમામ જાહેરાત એકી સાથે મંડળીના નોટીસ બોર્ડ ઉપર પોતાની સહી સાથે ચૂંટણી અધિકારી કરશે.

૫. આ નિયમોના અર્થ બાબતમાં કંઈ મતભેદ ઉભો થાય તો જિલ્લા રજિસ્ટ્રારશ્રીનો આ અંગેનો નિર્ણય છેવટનો ગણાશે અને પક્ષોને બંધનકર્તા રહેશે.

૧.........................................................

૨.........................................................

૩.........................................................

૪.........................................................

૫.........................................................

૬.........................................................

૭.........................................................

૮.........................................................

૯.........................................................

૧૦.......................................................

૧૧.......................................................

૧૨.......................................................

૧૩.......................................................

# ચુંટણીનું સમય પત્રક

(ચુંટણીના નિયમોની કલમ ૮(૪) મુજબ)

| ક્રમ | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | પ્રથમ મતદાર યાદી અને ખાલી પડેલ જગ્યાઓની સંખ્યા પ્રસિધ્ધ કરવાની તારીખ અને સમય | | |
| ૨ | મતદાર યાદી અંગે વાંધાઓ રજુ કરવાની છેલ્લી તારીખ અને સમય | | |
| ૩ | છેવટની મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સમય | | |
| ૪ | ઉમેદવારીપત્રો આપવાના અને સ્વીકારવાની તારીખ અને સમય | | |
| ૫ | ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ અને સમય | | |
| ૬ | મંજુર થયેલાં ઉમેદવારીપત્રોની જાહેરાતની તારીખ અને સમય | | |
| ૭ | ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની તારીખ અને સમય | | |
| ૮ | ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સમય | | |
| ૯ | મતદાનની તારીખ અને સમય | | સવારના ૯–૦૦ થી ૩–૦૦ કલાક સુધી |
| ૧૦ | મત ગણતરીની તારીખ અને સમય | | મતદાન પુરૂ થાય તુરત જ |
| ૧૧ | પરિણામ જાહેર કરવાની તારીખ અને સમય | | મત ગણતરી પુરી થાય તુરત જ |

## ફોર્મ – "બ"

**મતપત્રનો નમૂનો**

**અનુક્રમ નંબર :**

**શ્રી......................................**

**કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી.**

**મતદારનો અનુક્રમ નંબર**

**મતદારની સહી અગર**
**અંગુઠાનું નિશાન**

**શ્રી.......................કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.**
**મતદાર......................... ( અનું. નં. )**

| અનુ. ક્રમાંક | ઉમેદવારનું નામ | ઉમેદવારનું નિશાન | ચોકડી માટેની જગ્યા |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

## ફોર્મ ''અ''

**શ્રી......................કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મુ....................**

## વ્યવસ્થાપક કમિટિના ચૂંટણી માટેના ઉમેદવારી પત્રનો નમૂનો

**શ્રી ચૂંટણી અધિકારી,**

શ્રી..............................કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મુ.........................

૧. ઉમેદવારનું પુરેપુરૂં નામ...................................................................................

૨. ઉમેદવારનું પુરેપુરૂં ટપાલનું ...........................................................................
સરનામું.................................................................................................

૩. ઉમેદવારનો મતદાર યાદીનો અનુક્રમ નંબર.........................................................

૪. કઈ જગ્યા માટે ઉમેદવારી કરવાની છે...............................................................

૫. દરખાસ્ત મુકનારનું પુરેપુરૂ નામ.......................................................................

૬. દરખાસ્ત મુકનારનો મતદાર યાદીનો અનુક્રમ નંબર................................................

.........................................
**દરખાસ્ત મુકનારની સહી**

૭. ટેકો આપનારનું પુરેપુરૂં નામ............................................................................

૮. ટેકો આપનારનો મતદાર યાદીનો અનુક્રમ નંબર...................................

.........................................
**ટેકો આપનારની સહી**

ઉપર જણાવેલ હકીકત ખરી છે, સદરહું ચૂંટણીમાં ઉભો રહેવા અને ચૂંટાઈ આવું તો વ્યવસ્થાપક કમિટિના સભ્ય તરીકે કામ કરવા અને તે અંગેની જવાબદારી સ્વીકારવા મારી ખુશી જણાવું છું.

**તારીખ..................................** ......................................
**સ્થળ...................................** **ઉમેદવારની સહી**

ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર..................................

આ ઉમેદવાર પત્ર અમારી ઓફિસે ઉમેદવારે / દરખાસ્ત કરનારે તારીખ.................................ના રોજ..............................વાગે પહોંચાડયુ છે.

**તારીખ..................................** ......................................
**સ્થળ...................................** **ચૂંટણી અધિકારીની સહી**

## –:: પાવતી ::–

**અનું. નંબર...........................** **તારીખ................................**

શ્રી...........................................................નું શ્રી......................કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.,.................. ની વ્યવસ્થાપક કમિટિના સભ્યની ઉમેદવારી કરવા માટેનું ફોર્મ મળ્યું છે.

**સમય :–** ......................................
**સ્થળ :–** **ચૂંટણી અધિકારની સહી**